# વાપી મહાનગરપાલિકા-વાપી
# જાહેરાત

વાપી મહાનગરપાલિકાના વિવિધ વિભાગમાટે ૧૧ માસના કરાર આધારીત તદ્દન હંગામી ધોરણે નીચે મુજબની જગ્યાઓ ભરવાની થાય છે. જે માટે લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ વાપી મહાનગરપાલિકાની મુખ્ય કચેરી, વાપી ટાઉન પોલીસ સ્ટેશનની બાજુમાં, વાપી ખાતે જરૂરી તમામ પ્રમાણપત્રો સહિત અરજી કરવાની રહેશે.

| અ.નં. | જગ્યાનું નામ | લાયકાત | અનુભવ | સંખ્યા | માસીક પગાર (ફીક્ષ) (રૂ.) |
|---|---|---|---|---|---|
| ૧ | લીગલ ઓફિસર | 1. ઓછામાં ઓછી ભારતની માન્ય યુનિવર્સિટીમાં કાયદાના સ્નાતક ની ડીગ્રી.<br>2. કાયદાની પ્રેક્ટીસ માટે માન્યતા પ્રાપ્ત હોવા જોઈએ.<br>૩. કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોવા જોઈએ.<br>૪. ગુજરાતી અને અંગ્રેજી ભાષાના જાણકાર હોવા જોઈએ | 1. ઓછામાં ઓછો ૫ વર્ષનો પ્રેક્ટીસીંગ એડવોકેટ તરીકેનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.<br>2. તે પૈકી નામ હાઈકોર્ટ માં ઓછામાં ઓછો ૩ વર્ષની વકીલાતનો અનુભવ | ૧ | રૂ.૬૦,૦૦૦ /- |

શરતો:-

(૧) લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ પોતાની અરજી જાહેરાત પ્રસિધ્ધ થયેથી તા.૧૩/૦૨/૨૦૨૬ સુધી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વાપી મહાનગરપાલિકા, વાપી ટાઉન પોલીસ સ્ટેશન પાસે, તા.વાપી,જી.વલસાડ ખાતે સ્પીડ પોસ્ટ/રજીસ્ટર પોસ્ટથી અથવા રૂબરૂ ઉપર મોકલી આપવાની રહેશે. દરેક ઉમેદવારે કવર/પરબીડીયા ઉપર જે તે પોસ્ટ જગ્યાનું નામ લખવાનું રહેશે.

(૨) ઉમેદવારોએ અત્રેની કચેરીની વેબસાઈટ https://vapicity.in પરથી અરજી ફોર્મ ડાઉનલોડ કરવાનું રહેશે. તથા વેબસાઈટ ઉપર જરૂરી તમામ સુચના મુકવામાં આવેલ છે ધ્યાને લેવાની રહેશે. તેમજ આ જગ્યા માટેના જરૂરી આધાર-પુરાવા સહિતની માહિતી તથા શરતો જેવી માહિતી મેળવી શકશે.

(૩) ઉમેદવારોએ પોતાની અરજી સાથે બાયોડેટા, ડિગ્રી માર્કશીટ/પ્રમાણપત્ર, અનુભવ પ્રમાણપત્ર તથા અન્ય જરૂરી ડોક્યુમેન્ટ જોડવાના રહેશે.

(૪) ફિક્સ પગાર સિવાય અન્ય કોઈપણ ભથ્થા મળશે નહીં.

(૫) સદરહું ભરતી તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારીત રહેશે.

(૬) ઉમેદવારની પસંદગીની પ્રક્રિયા મૌખિક રૂબરૂ ઈન્ટરવ્યુ દ્વારા કરવામાં આવશે તેમજ પસંદગી અંગેની તમામ સત્તા પસંદગી સમિતિ વાપી મહાનગરપાલિકાને અબાધીત રહેશે.જે માટે કોઈપણ કારણો આપવામાં આવશે નહીં

-સહી-
નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા-વાપી

ન. માહિતી/વલસાડ/૮૬૪/૨૦૨૬

Scanned with OKEN Scanner

## વાપી મહાનગરપાલિકા,વાપી

## કરાર આધારિત કાયદા અધિકારીની નિમણુંક બાબતે અરજી

Vapi Municipal Corporation Ta. Vapi, Dist. Valsad

| ઉમેદવારનો તાજેતરનો ફોટોગ્રાફ |
|---|

પ્રતિ,
નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી
વાપી મહાનગરપાલિકા
તા-વાપી, જી-વલસાડ

૧. ઉમેદવારનું નામ (ગુજરાતીમાં) :-

૨. ઉમેદવારનું નામ (અંગ્રેજીમાં) :-

૩. હાલનું સરનામું :-

૪. કાયમી સરનામું :-

૫. જન્મ તારીખ :-

૬. ઉમર(તા.૦૧.૦૨.૨૦૨૬ ની સ્થિતિએ) :-

૭. નાગરિકત્વ :-

૮. વૈવાહિક દરજ્જો :-

૯. મોબાઇલ નંબર :-

૧૦. Email ID :-

૧૧.શૈક્ષણિક લાયકાત :-

| પાસ કરેલ પરીક્ષા(ડિગ્રી) | ટકા(%) | કલાસ | પાસ કર્યાનું વર્ષ | બોર્ડ/યુનિવર્સિટીનું નામ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

૧૨. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નોંધણીની વિગત :-

.....................................................................................................

.....................................................................................................

Vapi Municipal Corporation
Ta. Vapi, Dist. Valsad

૧૩. બાર કાઉન્સિલ ઓફ ઇન્ડિયામાં નોંધણીની વિગત :-

..........................................................................................................

૧૪. અનુભવની વિગત :-

(૧) પ્રેક્ટીસિંગ એડવોકેટ તરીકે ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ હોય તે દર્શાવતું સેલ્ફ ડીકલેરેશન તથા બચાવ કરેલ કેસની સંખ્યા

..........................................................................................................

(૨) તે પૈકી નામ.હાઈકોર્ટમાં પ્રેક્ટીસિંગ વકીલાતનો અનુભવ હોય તો તે દર્શાવતું સેલ્ફ ડીકલેરેશન તથા બચાવ કરેલ કેસની સંખ્યા

..........................................................................................................

(૩) સરકારી વિભાગો/વિભાગીય કચેરીઓમાં સરકાર વતી નામદાર સુપ્રીમ કોર્ટ/હાઇકોર્ટ કેસમાં બચાવની કામગીરીનો ૫ વર્ષનો અનુભવ હોય તો તે દર્શાવતું સેલ્ફ ડીકલેરેશન તથા બચાવ કરેલ કેસની સંખ્યા

..........................................................................................................

૧૪. અન્ય માહિતી જો હોય તો :-

..........................................................................................................

સ્થળ :- ..............................

તારીખ :- / /૨૦૨૬ **(ઉમેદવારની સહી)**

વાપી મહાનગરપાલિકા,વાપી ખાતે "કાયદા સલાહકાર" ની જગ્યા માટે લાયકાત, પસંદગીનું ધોરણ, ફરજો/કામગરી તથા શરતો અને બોલીઓ નીચે મુજબ રહેશે.

Vapi Municipal Corporation Ta. Vapi, Dist. Valsad

શૈક્ષણિક લાયકાત :-

1. ઓછામાં ઓછી ભારતની માન્ય યુનિવર્સિટીમાં કાયદાના સ્નાતક ની ડીગ્રી.
2. કાયદાની પ્રેક્ટીસ માટે માન્યતા પ્રાપ્ત હોવા જોઇએ.
3. કોમ્પ્યુટર કૌશલ્યનું જ્ઞાન ધરાવતા હોવા જોઇએ.
૪. ગુજરાતી અને અંગ્રેજી ભાષાના જાણકાર હોવા જોઈએ.

મહત્તમ વયમર્યાદા :- ૫૦ વર્ષ

અનભવ :-

1. ઓછામાં ઓછો ૫ વર્ષનો પ્રેક્ટીસીંગ એડવોકેટ તરીકેનો અનુભવ ધરાવતા હોવા જોઈએ.
2. તે પૈકી નામ હાઇકોર્ટ માં ઓછામાં ઓછો ૩ વર્ષની વકીલાતનો અનુભવ અથવા
3. સરકારી વિભાગો/વિભાગીય કચેરીઓમાં સરકાર વતી નામ. સુપ્રીમ/હાઇકોર્ટ કેસમાં બચાવની કામગીરીનો અનુભવ ધરાવતાને પ્રાધન્ય આપવામાં આવશે.

નિમણુંક બાબત:-

1. કાયદા સલાહકારની ફાળવણી નીચે દર્શાવ્યા શરતો મુજબ કરવાની રહેશે.
2. ઉમેદવાર બાર કાઉન્સીલ ઓફ ગુજરાતમાં અને બાર કાઉન્સીલ ઓફ ઇન્ડીયામાં નોંધણી ધરાવતો હોવો જોઇએ.
3. પૂર્ણ સમય માટે માત્ર ૧૧ માસ કરાર આધારિત સેવાઓ લઇ શકાશે. જે જરૂરિયાત પ્રમાણે ૧૧ માસની મુદત માટે વધુ બે ટર્મ સુધી આ સમયગાળો કરારીય સેવાઓની પ્રવર્તમાન જોગવાઈઓને કાયદાકીય બાધ ન આવે તે રીતે વધારી શકાશે.
4. પસંદગી સમિતી કામગીરીની દર ત્રણ માસે સમિક્ષા કરી. આ સેવાઓ અસંતોષકારક જણાય તો એક માસની નોટિસ આપી સેવાઓનો અંત લાવી શકાશે.

મહેનતાણું અને રજા :-

1. કાયદા સલાહકારને આ જગ્યા પર માસિક **રૂ.૬૦,૦૦૦/-** ના એકત્રિત વેતન પર કોઇપણ જાતના ભથ્થા કે પગાર પંચના લાભો મળવાપાત્ર થશે નહીં.
2. કરારના સમય દરમ્યાન તેઓને એકત્રિત વેતનમાં કોઇપણ પ્રકારનો વધારો કે ઇજાફો મળવાપાત્ર થશે નહીં તથા વચગાળાની રાહત તથા બીજા લાભો મળવા પાત્ર થશે નહી.
3. કરારના સમયગાળા દરમ્યાનની નોકરી બદલ પેન્શન, બોનસ, એલ.ટી.સી. એન્કેશમેન્ટ ઓફ લીવ, પેશગી કે તેવો અન્ય નાણાકીય લાભો મળવાપાત્ર થશે નહીં.

4. કરારના સમયગાળા દરમ્યાન તેઓનું અવસાન થાય તો બજાવેલ સમયગાળાની એકત્રીત લેણી રકમ તેઓના કુટુંબીજનોને મળવાપાત્ર થશે. બીજા કોઇ નાણાંકીય લાભ, એક્ષ ગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષંગિક લાભ મળવાપાત્ર થશે નહીં.

5. કાયદા સલાહકારને સરકારી કામે પ્રવાસ પર જવાનું થાય તો સરકારશ્રીના વર્તમાન ધોરણો મુજબ મુસાફરી ભથ્થુ અને દૈનિક ભથ્થુ મળવાપાત્ર રહેશે.

6. તેઓને ૧૧ (અગીયાર) પરચુરણ રજા મળવાપાત્ર થશે. તે સિવાય અન્ય કોઇ રજા મળવા પાત્ર થશે નહીં.

<u>અન્ય બાબતો :-</u>

1. કાયદા સલાહકારએ સરકારી કામ માટે તેઓ ચોવીસ કલાક બંધાયેલા છે અને સરકારને તેમની સેવાની જરૂર પડે ત્યારે તેમણે અચૂક હાજર રહેવાનું રહેશે.
2. તમામ કાયદા સલાહકારએ પોતાના Email તથા Mobile no. સંબંધિત મહાનગરપાલિકાની વહીવટી શાખાને પુરા પાડવાના રહેશે.
3. કરાર આધારિત કાયદા સલાહકારએ સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી જે નિયત કરે તે મુજબ કચેરી ખાતે ફરજો બજાવવાની રહેશે.
4. તેઓને ગુજરાત સિવીલ સર્વિસીસ (કન્ડકટ) રૂલ્સ - ૧૯૭૧ માં ઠરાવેલ બાબતો બંધનકર્તા રહેશે. અને તેનું ભંગ થયેલ કરારનું સમય કોઇપણ જાતની કાર્યવાહી વગર સમાપ્ત કરી શકાશે.
5. કરારના સમયગાળા દરમિયાન અન્ય જે કોઇ અગત્યની માહિતી સંબંધિત તેમની ધ્યાનમાં કે જાણમાં આવે તે માહિતી કાયદા સલાહકાર ખુલ્લી કરશે નહિ, પ્રગટ કરશે નહીં કે જાહેર કરશે નહીં. પોતે જે માહિતી પ્રાપ્ત કરે તે અંગે તેમણે ગુપ્તતા જાળવવાની છે.
6. નિમણૂંક પત્ર મળ્યા તારીખથી દિન-૭ માં જે તે વાપી મહાનગરપાલિકા, વાપી ખાતે ફરજ પર હાજર થવાનું રહેશે. જો તેઓ તેમ કરવામાં નિષ્ફળ જશે તો તેઓને આ નિમણૂંક સ્વીકાર્ય નથી તેમ ગણીને આગળની કાર્યવાહી કરવામાં આવશે.

<u>ફરજો/કામગીરી :-</u>

1. કાયદાકીય બાબતો અંગે સરકાર પક્ષે સરકાર વતી નામદાર કોર્ટમાં બચાવ માટે સીધે સીધી રજુઆત માટે ઉપસ્થિત રહેવાનું થશે નહી પરંતુ અત્રેની કચેરીના વકીલ તથા પેનલ વકીલને કેસની બ્રીફ સાથે કેસની વિગતોથી અવગત કરાવવાના રહેશે તથા કાયદાકીય બાબતો અંગે વાપી મહાનગરપાલિકાના સંબંધિત પેનલ વકીલશ્રી સાથે, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના નિયંત્રણ હેઠળ કામગીરી બજાવવાની રહેશે.
2. કાયદા સલાહકારે વાપી મહાનગરપાલિકા કક્ષાએ કેસોનાં મોનીટરીંગ, સુપરવીઝન, સંકલન અને કેસની બ્રીફ તૈયાર કરવાની કામગીરી કરવાની રહેશે. દર માસે કેટલા કોર્ટ કેસોની નિકાલ થયો, તે પૈકી કેટલા કેસોમાં મહાનગરપાલિકા પક્ષે તેમજ કેટલા કેસોમાં મહાનગરપાલિકા વિરુદ્ધ ચુકાદા આપ્યા તેની કોર્ટ/કેસવારની ચોક્કસ માહિતી સંબંધિત મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને દર સપ્તાહે અચુક રજુ કરવાની રહેશે.

3. ફાળવેલ વાપી મહાનગરપાલિકા,વાપીને સંબંધિત લીગલ મેટર્સમાં જરૂરી સલાહ આપી, સરકારી વકીલશ્રી/પેનલ વકીલશ્રીને સહાયરૂપ કેસની વિગતો સાથે બ્રીફ તૈયાર કરી જરૂરી કાયદાકીય સલાહ આપવી.

4. Law officers (Appointment and Condition of Service) and Conduct of Legal Affairs of Government Rules-2009 ની મર્યાદામાં મહાનગરપાલિકાના કાયદા સલાહકારને યોગ્ય સુચના-માહિતી સમયસર પૂરી પાડવાની રહેશે.

5. રીસર્ચ (સંશોધન) ની કામગીરી કરવાની રહેશે.

6. Statement of fact અને નોંધ તથા પેરા વાઇરા રીમાર્કસ તૈયાર કરવા, દસ્તાવેજી પુરાવા/પુર્તતા કરી સબંધિત નામદાર કોર્ટના વકીલશ્રી/પેનલ વકીલશ્રીને પુરા પાડવાના રહેશે.

7. મહાનગરપાલિકા વતી સમયસર એફીડેવીટ-ઇન-રીપ્લાય તૈયાર કરી સમયસર (Well in time) દાખલ કરવા અને તે મુજબ જ્યુડીશીયલ/ક્વોઝી જ્યુડીશીયલ કચેરીઓ/હાઈકોર્ટ, સુપ્રિમ કોર્ટ સમક્ષ વાપી મહાનગરપાલિકા/સરકારનું હિત/પક્ષ અસરકારક રીતે કોર્ટ સમક્ષ રજુ થાય અને સરકારનું હિત જળવાઇ રહે તે અંગે પુરતી કાળજી લેવાની રહેશે.

8. કાયદા સલાહકાર તરીકે નિમણૂંક પામનારા એડવોકેટશ્રીએ નેશનલ લીટીગેશન પોલીસી અને સ્ટેટ લીટીગેશન પોલીસી અન્વયે રાજ્ય સરકાર વતી કે રાજ્ય સરકાર સામે દાખલ થયા હોય તેવા કેસોના મોનીટરીંગ અને પુરા કરાવવા માટે નીચેની બાબતોને ધ્યાને રાખવાની રહેશે.

- Focusing on core issues involved in the litigation and addressing them squarely. Managing and conducting litigation in a cohesive, coordinated and time bound manner.
- Ensuring that correct facts and all relevant document will be placed before the court.
- Pending cases with the government as party to be reviewed on priority basis to enable quick disposal.
- Propose monitoring and review mechanism to sensitize government in Important cases and avoid delay.

9. વાપી મહાનગરપાલિકા, વાપી કચેરીના કેસોની સંખ્યા, તેનું વર્ગીકરણ અને કયા સ્ટેજ પર કેસ છે તે અંગેની માહિતી એકઠી કરવાની રહેશે. તેનું Online portal પર મોનીટરીંગ કરવાનું રહેશે.

10. કાયદા સલાહકારે કોર્ટ મેટરનું https://vapicity.in/પોર્ટલ ઉપર સતત મોનિટરીંગ કરીને વાપી મહાનગરપાલિકા, વાપી કચેરી કક્ષાએ દાખલ થતાં કોર્ટ કેસોની Entry સદરહું પોર્ટલ પર સમયસર થાય તે બાબત સુનિશ્ચિત કરવાની રહેશે.

Vapi Municipal Corporation, Vapi, Dist. Valsad

11. કાયદા સલાહકારે વાપી મહાનગરપાલિકામ વાપીના નામદાર હાઇકોર્ટ, નામ.સુપ્રીમ કોર્ટ તેમજ અન્ય સબ ઓર્ડીનેટ કોર્ટ, ટ્રીબ્યુનલ્સ કે અન્ય ઓથોરીટી સમક્ષ જે કેસો ચાલતા હોય તેનું અપડેશન દરેક તબક્કે કરવાનું રહેશે અને જે કોઇ હુકમ કે અંતિમ ચુકાદો આવે કે તે ચુકાદાથી જે તે લીગલ શાખા/વહીવટી શાખા, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીશ્રીને લેખિતમાં વાકેફ કરવાના રહેશે.

12. કોર્ટમાં દરેક તારીખે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તેમજ નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી જણાવે તો તે કેસમાં હાજરી આપવાની રહેશે.

13. વાપી મહાનગરપાલિકા, વાપી કચેરીના કેસોમાં હુકમ કે વચગાળાના હુકમ સંબંધે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તેમજ નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને જાણ કરવાની રહેશે.

14. કાયદા સલાહકારે વાપી મહાનગરપાલિકા, વાપીના કેસો સિવાય મહત્વની બાબતોમાં કે જ્યા કોઇ કાયદાકીય કે હકીકતના આધારે અભિપ્રાય આપવાનો અપેક્ષિત થતો હોય તો તે કાયદા વિભાગના પરામર્શમાં મેળવવાનો થતો હોય તો તે આપવાનો/મેળવી આપવાનો રહેશે.

15. સરકારશ્રીમાં ખાસ વિભાગના કેસો જે સરકારશ્રીની અગત્યની પોલીસીને અસરકર્તા હોય તેનું સતત મોનીટરીંગ કરવાનું રહેશે. અને તેનાથી મ્યુનિસિપલ કમિશ્નરશ્રીને અવગત કરવાના રહેશે.

16. આ ઉપરાંત, મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ દ્વારા વખતો વખત કોર્ટ કેસ સંબંધી જે કાર્યવાહી સોંપે તે કરવાની રહેશે.

17. કાયદા સલાહકાર દર ત્રણ મહીને કેટલા કોર્ટ કેસમાં હાજર રહ્યા, કેટલા કોર્ટ કેસોનો નિકાલ થયો, તે પૈકી કેટલા કેસોમાં સરકાર પક્ષે ચુકાદા આવ્યા, અને કેટલા કેસોમાં સરકાર વિરુધ્ધ ચુકાદા આવ્યા તેની court and case wise ચોક્કસ માહિતી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી તથા નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓને અચુક રજુ કરવાની રહેશે.

18. કાયદા સલાહકારની કામગીરી પર સંપૂર્ણપણે મ્યુનિસિપલ કમિશ્નર તથા નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીનું નિયંત્રણ રહેશે. કાયદા સલાહકારને કામગીરીની સરળતા ખાતર ચેમ્બર,ટેલિફોન વિગેરે જેવી જરૂરી સગવડો પૂરી પાડવાની રહેશે.

Vapi Municipal Corporation, Dist. Valsad

નાયબ મ્યુનિસિપલ કમિશ્નર
વાપી મહાનગરપાલિકા, વાપી